SSP/JUL 98/04/9500

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રવેશ

## પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૪:૧૫] (રવિવાર, ૧૯ જુલાઈ, ૧૯૯૮) કુલ ગુણ : ૭૫

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧ કિશોર સત્સંગ પ્રવેશ)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈ પણ બે અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''એને ઘેર તમારા જેવા તો ગોલા છે.''

૨. ''ખુરશીઓ કઢાવી નાખો તો પધરામણીમાં આવીએ.''

૩. ''અમારા પ્રભુ આવ્યા છે તેમને માટે થાળ કરજો.''

**પ્ર.૨. નીચેનામાંથી કોઈ પણ એક વિષે ટૂંકનોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. લાધીબાઈ.

૨. અન્નકૂટોત્સવ.

૩. સચ્ચિદાનંદ સ્વામી.

**પ્ર.૩. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. શિક્ષાપત્રી પ્રમાણે કઈ ત્રણ આજ્ઞાનું પાલન ન થાય, તો ઉપવાસ કરવાનો મહારાજે કહ્યો ?

૨. આપદ્ ધર્મ એટલે શું ?

૩. રાણા રાજગરે શ્રીજીમહારાજ પાસે કયો વર માગ્યો ?

૪. સગરામને કયા પરમહંસે સત્સંગ કરાવ્યો હતો ?

૫. શાસ્ત્રીજી મહારાજે કઈ ત્રણ એકાદશીઓ નિર્જળા કરવાની હરિભક્તોને આજ્ઞા કરી છે ?

૬. શ્રીજીમહારાજના માળાના મણકા સમાન હરિભક્ત કોણ હતા ?





**પ્ર.૪. નીચે આપેલી 'સ્વામીની વાત' પૂરી કરી તેનું વિવરણ લખો.** ૬

'પ્રહ્‌લાદજીએ નારાયણ સાથે ........................................

અથવા

'સત્સંગ થાય પણ સંગ ................................................

**પ્ર.૫. નીચેનામાંથી કોઈ પણ ચાર કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** ૮

૧. ભવ દુઃખ ટળે ............................................. કરી લીજે ... નિશદન

૨. વિશ્વેશભક્તિં સુકરાં ................................... નમામિ ।

૩. હિંસા ન કરની ............................................ કોઈકું લગાત.

૪. યજ્ઞપુરુષમાં ............................................... દેજો રોમે રોમ ભરી... વંદન....

૫. અયં નિજ : ............................................... કુટુમ્બકમ્ ।

૬. બાળચરિત્રો કરી ..................................... સ્વરૂપ સમજાવતા હો.

(વિભાગ - ૨ શાસ્ત્રીજી મહારાજ)

**પ્ર.૬. નીચેનામાંથી કોઈ પણ બે અવતરણ કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''એ તો બેસશે, એનો તમારે વાદ લેવો નહિ. ''

૨. ''આપ બોલ્યા તે સાક્ષાત્ ભગતજી મહારાજ બોલ્યા.''

૩. ''અહીં તો હજારો દીવાની આરતી ઊતરશે અને મોટું મંદિર થશે.''

૪. ''અક્ષરપુરુષોત્તમને માટે તો શ્વપચને ઘરે વેચાવું પડે તો પણ ઓછું છે.''

**પ્ર.૭. નીચેનામાંથી કોઈ એક વિષય પર ટૂંકનોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. અજોડ વિદ્વત્તા.

૨. અજાતશત્રુ શાસ્ત્રીજી મહારાજ.

૩. અંતર ચોખ્ખા કરવાની સાવરણી.

**પ્ર.૮. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. કયા બે નંદ પરમહંસોના આશીર્વાદ ડુંગરભાઈને મળ્યા ?

૨. શુદ્ધ ઉપાસનાનો સૌ પ્રથમ ડંકો ક્યાં વાગ્યો ?

૩. અટલાદરા મંદિરની પ્રતિષ્ઠાની સાલ, તિથિ જણાવો.

૪. ડુંગરભાઈ પોતાના ભવિષ્ય માટે શું કહેતા ?

૫. બોચાસણ પ્રતિષ્ઠામાં શાસ્ત્રીજી મહારાજની કઈ પ્રાર્થનાથી ગુણાતીતાનંદ સ્વામી બિરાજ્યા ?

૬. સારંગપુરમાં સ્વામીશ્રીના વચને કોણે દોઢસો મણનો મોટો પથ્થર ગોઠવી દીધો ?

**પ્ર.૯. નીચેનામાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. શાસ્ત્રીજી મહારાજને અક્ષરપુરુષોત્તમ નિષ્ઠા પ્રવર્તન માટે મળેલી પ્રેરણાઓ.

૨. ડુંગર ભક્તની નિર્ભયતા.

૩. જાગાભક્તની બંધી તોડી.

૪. સારંગપૂર મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા.

**પ્ર.૧૦. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** ૪

૧. વડતાલની પૂનમમાં સભામાં ............................................ એ અક્ષરપુરુષોત્તમ મહારાજની જય બોલાવી.

૨. બોચાસણમાં કાશીદાસ મોટાના વંશજ ...................... નું શાસ્ત્રીજી મહારાજે પરિવર્તન કર્યું.

૩. શાસ્ત્રીજી મહારાજનાં ચરણોમાં અડસઠ તીરથ છે એવો અનુભવ ..................... ભાઈને થયો.

૪. સુરતમાં પ્રણામી સંપ્રદાયના આચાર્યશ્રી .................... શાસ્ત્રીજી મહારાજને નમી પડ્યા.

**(વિભાગ - ૩ 'સત્સંગ પ્રારંભ' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૧. નીચે આપેલ બધા વિષયો પર વિસ્તૃત નોંધ લખો.** ૧૫

૧. ઘનશ્યામનો દયાળુ સ્વભાવ **અથવા** લક્ષ્મીબાઈને ચમત્કાર

૨. અખંડાનંદ સ્વામી **અથવા** જોધો ભરવાડ.

૩. માન - અપમાનમાં એક્તા **અથવા** યોગીજી મહારાજની ગુરુભક્તિ.

✿ ✿ ✿